Extra No. 273

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **TUESDAY, JULY 22, 2025 / ASHADHA 31, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જુલાઈ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખઃ ૧૫ મી મે, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૦૨૫ નો ૧૭૮ યુડીયુએચડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૯૧૫૯/એમ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Under

The Gujarat Municipalities Act, 1963

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫ મી મે, ૨૦૨૫

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક: કેવી/૨૦૨૫ નો ૧૭૮ યુડીયુએચડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૯૧૫૯/એમ:- ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૬-ની પેટા-કલમ (૩)ના ખંડ (ગ)ને ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (૨૦૨૩ના ગુજરાતના ૧૭મા)થી સુધારવામાં આવ્યો છે, જેથી કરીને પછાત વર્ગોની વ્યક્તિઓને બેઠકોની કુલ સંખ્યાના ૨૭ ટકા સુધી અનામત આપી શકાય;

અને વસતી ગણતરી-૨૦૧૧ના આધારે જાહેર કર્યા પ્રમાણેના થરાદ નગરપાલિકા વિસ્તારની વસતીના આંકડા અનુસાર તેમજ સદરહુ અધિનિયમની કલમો ૬ અને ૭ની જોગવાઈઓને પણ ધ્યાનમાં રાખીને, વોર્ડની સંખ્યા અને કાઉન્સિલરની બેઠકો તેમજ અનુસૂચિત જાતિઓ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત રાખવાની બેઠકોની સંખ્યા સુનિશ્ચિત કરવી જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૭ની પેટા-કલમ (૨) અને કલમ ૬ની પેટા-કલમો (૨) અને (૩)થી મળેલી સત્તાની રૂએ અને થરાદ નગરપાલિકાને સંબંધિત હોય ત્યાં સુધી આ અર્થે કરેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, નીચે પ્રમાણે નક્કી કરે છે:-

(૧) થરાદ નગરપાલિકાના વિસ્તારો, સાત (૭) વોર્ડમાં વિભાજિત થશે અને નગરપાલિકા અઠ્ઠાવીસ (૨૮) કાઉન્સિલરની બનશે;

(૨) કાઉન્સિલરની અઠ્ઠાવીસ (૨૮) બેઠકોમાંથી-

(૧) છ (૬) બેઠકો, અનુસૂચિત જાતિઓની વ્યક્તિઓ માટે અનામત રહેશે, જેમાંથી ત્રણ (૩) બેઠકો અનુસૂચિત જાતિઓની સ્ત્રી માટે અનામત રહેશે;

(૨) એક (૧) બેઠક, અનુસૂચિત આદિજાતિઓની સ્ત્રી માટે અનામત રહેશે;

(૩) સાત (૭) બેઠકો, પછાત વર્ગોની વ્યક્તિઓ માટે અનામત રહેશે; જેમાંથી ત્રણ (૩) બેઠકો પછાત વર્ગોની સ્ત્રી માટે અનામત રહેશે;

(૪) ચૌદ (૧૪) બેઠકો, અહીં ઉપર ઉલ્લેખ્યા પ્રમાણે સ્ત્રીઓ (અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિ અને પછાત વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત રાખેલી બેઠકોની સંખ્યા સહિત) માટે અનામત રહેશે.

અપવાદ: આ જાહેરનામાના કોઈપણ મજકૂરથી આ જાહેરનામાના આરંભ પહેલા, થરાદ નગરપાલિકાના વોર્ડ અને બેઠકો નક્કી કરવાના સંબંધમાં કરવામાં આવેલા કોઈ કૃત્યને અસર થશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મનીષ સી. શાહ,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.26 13:42:26 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar